જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૯/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૦૩/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૭૬ | ૧ | ૧૧૬૭૭ | ૧૭૭૮૭ | ૧ | ૧૭૭૮૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૮ | ૦ | ૧૦૮ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૧૨૨૪ | ૫૮ | ૭૧૨૮૨ | ૭૨૨૨૨ | ૬૦ | ૭૨૨૮૨ |
| કુલ | | ૮૭૭૪૧ | ૫૯ | ૮૭૮૦૦ | ૯૬૬૬૫ | ૬૧ | ૯૬૭૨૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૭ | ૪,૪૩,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૦૪ | ૮,૦૪,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૬/૨૦૨૧**

**રખિયાલઃ** અસગરીબહેન મોહમદરફીએહમદ અંસારી (ઉ.વ ૪૭) (રહે. ફકલ હાઇસ્કુલ બાગબાન રેસિડેન્સી પાસે રખિયાલ રોડ) એ તા.૧૮/૦૯/૨૦૨૦ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૦ ના રોજ ઓએલએક્સ એપ પર વેચાણ મુકેલા સોફાના કવર ખરીદવા આપેલ મોબાઈલ નંબર ૭૦૮૬૮૪૮૬૧૦ ઉપર અસગરીબહેનના પુત્રએ સોફા ખરીદવા સંપર્ક કરતા મોબાઈલ ધારકે અસગરીબહેનના પુત્રના ફોન-પે નંબર મેળવી લીંક મોકલી અસગરીબહેનના પુત્રના બેંક ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૭૫,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૭/૨૦૨૧**

**માધવપુરાઃ** રાજેશભાઇ ભીમરાજ બૈધ (ઉ.વ.૪૮) (રહે. ડાયમંડ ગ્રીન ન્યુ.સી.જી.રોડ ચાંદખેડા) તા.૧૪/૦૯/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે દીલ્લી દરવાજાથી સીટી સેંટર જવા માટે શટલ ઓટો રિક્ષામાં બેઠા હતા અને ઇદગાહ સીટી સેંટર ગેટ નં.૧ સામે ઉતર્યા હતા. જે મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ચાર પુરૂષોએ રાજેશભાઈની નજર ચુકવી રાજેશભાઈના બેગમાંથી રોકડ રૂપિયા ૪૯.૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ રાજેશભાઈ બૈધ એ તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ છપ્પનભાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૮/૨૦૨૧**

**સોલા હાઈકોર્ટઃ** ક્રિષ્ણાબહેન પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૭૦) (રહે. ઉગતી એલીગન્સ શુકન-૬ ની બાજુમાં સોલા સાયાન્સ સીટી રોડ, સોલા) તા.૧૮/૦૯/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે સાયન્સ સીટી સામે સુપર બંગ્લોઝ આગળથી ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ક્રિષ્ણાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ક્રિષ્ણાબહેન પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૧૭૦૯/૨૦૨૧**

**કૃષ્ણનગરઃ** હર્ષદભાઈ દશરથભાઈ પંચાલ (ઉ.વ.૫૦) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૯/૨૦૨૧ રાતના ૯/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** રતનબહેન હિરાભાઇ પરમાર (ઉ.વ.૫૬) (રહે. સ્લમ કવાટર્સ જોગમાયા ક્વાટર્સ સામે ટોરેંટ પાવરની બાજુમાં અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૯/૨૦૨૧ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.